સુવિચાર
''કોઈપણ દેશના નિર્માણ પાછળ, એ દેશની જનતાનું હજારો વર્ષનું સમર્પણ છુપાયેલું હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૧૧/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૫ વર્ષ : ૧૬ અંક : ૨૭૭

## અમરેલી ખાતે રાજયસભાનાં સાંસદ શકિતસિંહ ગોહિલની આગેવાનીમાં નાદ ગુંજી ઉઠયો

# માફ કરો ભાઈ માફ કરો, ખેડૂતોનાં દેવા માફ કરો : કોંગ્રેસ

**સોમનાથથી શરૂ થયેલ કોંગ્રેસની કિસાન સંઘર્ષ યાત્રા અમરેલી ખાતે આવી પહોંચી**

**ડો. જીવરાજ મહેતા ચોકમાં સ્થાનિક કોંગ્રેસ દ્વારા ચાલતા ખેડૂત સત્યાગ્રહનાં સ્થળે યાત્રા આવી પહોંચી**

**કોંગી આગેવાનો અને ખેડૂતોએ ૧૫ જેટલી માંગ સાથે કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યુ**

**પૂર્વ ધારાસભ્યો પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત સહિતનાં કોંગી આગેવાનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૮

અમરેલી ખાતે આજે સોમનાથખાતેથીપ્રસ્થાનથયેલકોંગ્રેસની કિસાન યાત્રા આવી પહોંચતા યાત્રાનું કુંકાવાવ માર્ગ ઉપર સ્વાગત કરાયુ હતું. બાદમાં યાત્રા ડો. જીવરાજ મહેતા ચોક ખાતે સ્થાનિક કોંગ્રેસ ધ્વારા ચાલતા ખેડૂત સત્યાગ્રહનાં સ્થળે પહોંચી હતી.

રાજયસભાનાં સાંસદ શકિતસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્યો પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત, કોંગી અગ્રણી જેનીબેન ઠુંમર સહિત સૌ કોઈએ રાજય સરકાર ધ્વારા જાહેર થયેલ કૃષિ રાહત પેકેજને નકારીને ખેડૂતોનાં દેવા માફી, પાકવીમાની અમલવારી સહિતની માંગ કરી હતી.

બાદમાં વિશાળ સંખ્યામાં કોંગી આગેવાનો રેલી સ્વરૂપે ''ખેડૂતોના દેવા માફ કરો''નાં નાદ સાથે જિલ્લા સેવા સદન ખાતે પહોંચ્યા હતા. જયાં જિલ્લા કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવેલ.

આવેદનપત્રમાં જણાવ્યું કે, હાલ ખરીફ– ૨૦૨૫ ની ખેતીલાયક સિઝનમાં શરૂઆતના સમયગાળા દરમ્યાન સમયસરની વાવણી તથા અનુકુળ મોસમ અને વાતાવરણના કારણે ચાલુ વર્ષે ખૂબ સારૂ પાક ઉત્પાદન થવાની શકયતાઓ હતી.

પરંતુ ચાલુ સાલ સારી ઉપજની અપેક્ષાઓ વચ્ચે તાજેતરમા

અનુસંધાન પાના ૬ ઉપર

### રૂપિયા ૧૨ હજારને લઈને ડખ્ખો

## અમરેલીનાં નાના ભંડારીયા ગામે બિયારણનાં પૈસા બાબતે માથાકુટ

**પોલીસ બંને પક્ષોની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૮

અમરેલીનાં નાના ભંડારીયા ખાતે બિયારણનાં બાકી પૈસાને લઈને બે પક્ષો વચ્ચે માથાકુટ થતાં એક મહિલા સહિત પાંચ વ્યકિતને ઈજા થતાં ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડવામાં આવેલ છે.

અમરેલીનાં નાના ભંડારીયા ગામે રહેતા મેહુલભાઈ રવજીભાઈ હિરપરા (ઉ.વ.૨૫) એ અમરેલી સિવીલ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખેડૂતો માટે જાહેર થયેલ પેકેજ અપુરતું હોવાથી

## સાવરકુંડલા તાલુકા ભાજપનાં પૂર્વ મહામંત્રી ચેતન માલાણીએ પક્ષમાંથી રાજીનામુ ધરી દીધુ

**જિલ્લાનાં રાજકારણમાં ચકચાર જગાવતી ઘટના**

અમરેલી, તા. ૮

ગુજરાત સરકારે કમોસમી વરસાદ અને પાક નુકસાન બાદ ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કર્યું હતું, પરંતુ આ પેકેજ જાહેર થતાં જ રાજયમાં રાજકીય હલચલ શરૂ થઈ ગઈ છે. ખેડૂતોમાં તો પહેલેથી અસંતોષ હતો, હવે ભાજપના જ કાર્યકર્તાઓ અને હોદ્દેદારો પણ ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ભાજપની અંદર અસંતોષના સ્વર ઉઠવા લાગ્યા છે.

સાવરકુંડલા તાલુકાના ભાજપના પૂર્વ મહામંત્રી અને હાલના સક્રિય કાર્યકર ચેતન માલાણીએ સરકારના પેકેજ વિરૂધ્ધમાં ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો છે અને પોતાનું રાજીનામું જાહેર કર્યુ છે. તેમણે એ

અનુસંધાન પાના ૬ ઉપર

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ) / રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ) / રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨ / રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
● ઉદાસી રોગ
● મરવાના વિચાર આવવા
● વિચારવાયુ
● વહેમ, શંકા
● મંદબુદ્ધિ બાળકોની સારવાર
● ચિંતા - ટેન્શન
● માથાનો દુઃખાવો
● જાતિય રોગો
● વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



### ટાટાનેનોને ૩૩ હજાર કરોડ અને ખેડુતોને ૧૦ હજાર કરોડ

# ખેડુતોને વીઘે માત્ર રૂપિયા ૫૦૦ મળશે : કોંગી પ્રમુખ અમિત ચાવડા

## ગુજરાતમાં પાક વીમા યોજના લાગુ કરો

અમદાવાદ, તા. ૮

ગુજરાતમાં કમોસમી વરસાદને લીધે ખેડૂતની પરિસ્થિતિ કફોડી થઈ છે. ત્યારે માત્ર જાહેરાતોમાં રચાતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે જેનો રાજા વેપારી, એની પ્રજા ભિખારી. ટાટા નેનોને ૩૩૦૦૦ કરોડની રાહત અને ખેડૂતોનાં દેવા માફ કેમ નહિ. ગુજરાતમાં જગતનો તાત ખેડૂત તમામ રીતે હેરાન પરેશાન છે, આર્થિક રીતે પાયમાલ થયો છે અને આત્મહત્યા કરવા માટે મજબૂર બન્યો હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. રાજયમાં છેલ્લા ત્રણ દાયકાથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. ખેડૂતો પર કુદરત રૂઠી છે અને બીજી તરફ સરકાર પાસે એને મોટી આશા અને અપેક્ષા હતી એ સરકાર દયાહીન અને ખેડૂત વિરોધી આજે દેખાઈ રહી છે. કહેવાતું ઐતિહાસિક પેકેજ એ પેકેજ નહીં પણ પડીકું છે. ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી જે ખેડૂતોની હાલત જોઈએ તો એક વર્ષમાં ક્યાંક અતિવૃષ્ટિ થાય છે, વાવાઝોડું આવે છે, પૂરની સ્થિતિનું નિર્માણ થાય છે, ક્યારેક કમોસમી વરસાદ થાય છે અને ખેડૂતોની આખે વર્ષની જે મહેનત છે, જેની સ્વપ્નો છે એ બધું જ ધોવાઈ જાય છે. અને એની સામે સરકાર પાસે જે આશા ને અપેક્ષા હોય એવી કોઈ પણ જાતની મદદ કે રાહત આજ દિન સુધી ખેડૂતોને મળી નથી. ગુજરાતમાં ૫૦ લાખથી વધુ ખેડૂતોએ બેંકોમાંથી ધિરાણ લીધું છે. અને આ ધિરાણની રકમ ૧.૫૦ લાખ કરોડ જેટલી થાય છે. ૫૬૦૦૦ના દેવા સાથે જીવતો ગુજરાતનો ખેડૂત પર કુદરતી આફતોને લીધે આર્થિક રીતે પાયમાલ થયો છે. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં આખા દેશમાંથી ખેડૂતોના મત લેવા માટે ભાષણો કર્યા કે એક વખત તક આપો અમારી સરકાર આવશે એટલે પહેલી કેબિનેટ બેઠકમાં દેશના ખેડૂતોના દેવા માફ કરી દઈશું. પણ આટલા વર્ષો પછી મળ્યું શું?



સરકારની જાહેરાત મુજબ ૧૬૫૦૦ જેટલા ગામો અસરગ્રસ્ત થયા. અને ગુજરાતમાં લગભગ ૭૨ લાખ હેક્ટર જેટલી જમીનમાં વાવેતર હતું એ પૈકી સરકારના રેકોર્ડ મુજબ અહેવાલ મુજબ ૪૨ લાખ હેક્ટર જમીનમાં કમોસમી વરસાદને કારણે વાવેતરને નુકશાન થયું છે. પેકેજમાં પ્રતિ હેક્ટર ૨૨,૦૦૦ રૂપિયાની સહાય આપીશું અને બે હેક્ટરની મર્યાદા છે પરંતુ વીઘા દીઠ આ સહાયની ગણતરી કરો તો ફકત ૩૫૦૦ રૂપિયા પ્રતિ વીઘા મળવાની છે. કપાસ–મગફળી જેવા પાકોમાં લગભગ ૧૭,૦૦૦ જેટલી રકમ તો ખેતી ખર્ચ પાછળ જાય છે. જયારે ખાતર, બિયારણ, વીજળી મોંઘી બની છે ઉપજનો અંદાજો ટેકાના ભાવ મુજબ ગણીએ તો બીજા ૩૦ થી ૩૧,૦૦૦ રૂપિયાનો છે. આ બંનેનો સરવાળો ગણીએ તો લગભગ વીઘાએ ૪૫ થી ૫૦ હજાર રૂપિયા ખેડૂતોને મળવાના હતા. મુખ્યમંત્રી હોય કે કૃષિ મંત્રી હોય જે ભૂતકાળમાં કૃષિ મંત્રી હતા થાળી વગાડીને તીડ ભગાડતા હતા એ જ રીતે થાળી વગાડીને ખૂબ ઐતિહાસિક પેકેજ આપ્યું હોય એવી માત્ર વાતો કરે છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ખેડૂતોના આક્રોશ, તકલીફ–મુશ્કેલીઓને વાંચા આપવા માટે 'ખેડૂત આક્રોશ યાત્રા'ની શરૂઆત સૌરાષ્ટ્રમાં કરવામાં આવી. દેશમાં ઉદ્યોગપતિઓના લગભગ ૧૬ લાખ કરોડ કરતાં વધારે રકમના દેવા માફ કરવામાં આવ્યા. જયારે ખેડૂતોના દેવા માફ કેમ નહિ? એની નીતિ અને નિયતમાં કયાંય ખેડૂત દેખાતો નથી. ખેડૂતનું ભલું દેખાતું નથી. ફકત ને ફકત આ સરકાર ઉદ્યોગપતિઓની સરકાર છે. ગુજરાત રાજયના ખેડૂતો પર ૧.૫ લાખ કરોડ જેટલું દેવું, સરકાર ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરે નહી તો કોંગ્રેસ આદોલન કરશે.

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાના નામે વડાપ્રધાને ખૂબ ભાષણો કરે છે. એ ભાજપ સરકારે આખા દેશમાં ચાલતી પાક વીમા યોજના ગુજરાતની સરકારએ વર્ષ ૨૦૧૯થી બંધ કરી દીધી છે. જે પાક વીમા યોજના જયારે બંધ થઈ ત્યારે ગુજરાતના ખેડૂતના લગભગ ૬૦,૦૦૦ કરોડ કરતાં વધારેની રકમોએ વીમા કંપનીઓ પાસે લેવાની બાકી રહેતી હતી અને એવા સમયમાં પાક વીમા યોજના બંધ કરવામાં આવી. દર વર્ષે વાવાઝોડું આવે, અતિવૃષ્ટિ થાય, કમોસમી વરસાદ થાય, પૂર આવે, કુદરતી આફતો આવે એટલે દર વખત ખેડૂતોએ બિચારો બાપડો થઈને સરકાર પાસે ભીખ માંગવી પડે. પણ જો પાકવીમા યોજના હોત તો આ દર વર્ષે ભીખ માંગવાનો વારો ના આવતો. દેવા માફ ન કરે, પાક વીમા યોજના ન હોય, ખાતર–બિયારણના પ્રશ્નો હોય, જમીન માપણીની ધાંધલી હોય, તેવામાં ચારેબાજુથી ગુજરાતનો ખેડૂત મુશ્કેલીમાં મુકાયો છે. આત્મહત્યા કરવા સિવાય એની પાસે કોઈ રસ્તો નથી. કોંગ્રેસ પક્ષે ખેડૂત આક્રોશ યાત્રા દરમિયાન જે લોકોની રજૂઆતો, લાગણીને પરિસ્થિતિ જોઈ છે પેકેજના નામે પડીકાની જાહેરાતથી ખેડૂતો સંતોષ નથી માનવાના. કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે કે ભાજપ સરકાર તાત્કાલિક ગુજરાતના ખેડૂતોના સંપૂર્ણ દેવા માફી ની કરે. સરકાર આંકડા જાહેર કરે કે વર્ષ ૨૦૧૯માં, ૨૦૨૧માં, વર્ષ ૨૦૨૨માં, વર્ષ ૨૦૨૪ માં આટલા વર્ષોમાં તમે જે પેકેજો જાહેર કર્યા છે એ પેકેજોમાંથી કેટલા પૈસા સાચા અર્થમાં ખેડૂતને મળ્યા છે કેમ ? ગુજરાતના ખેડૂતોની સાથે રહી કોંગ્રેસ પક્ષ પરિણામલક્ષી લડત લડવાનો અમારા સેનો સંકલ્પ છે.

ગુજરાતમાં લગભગ ૬૮ લાખથી વધારે ખેત મજૂરો છે. જે રોજિંદા ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. અને આખી ઈકોનોમીની વાત કરીએ તો ગુજરાતમાં ૬૫%થી વધારે વર્કફોર્સ આ ખેતીના ક્ષેત્ર સાથે સંકળાયેલો છે. એટલે જયારે એ જ ક્ષેત્રને મોટું નુકસાન થયું હોય, ત્યારે ખેડૂતોની ચિંતા કરીએ છીએ સાથે સાથે આ ૬૮ લાખથી વધારે જે ખેત મજૂરો છે, જે ક્યાંક ખેતરમાં મજૂરી કરે છે, ક્યાંક ભાગીયા છે, એ લોકોની ચિંતા પણ આજ દિન સુધી સરકારે કરી નથી. રોજ કમાઈને રોજ ખાવાવાળો આ વર્ગ આજે ખેતી બરબાદ થઈ જવાને કારણે એને રોજગારી નથી મળતી, મજૂરી નથી મળતી, ઘર ચલાવવું, બે ટંકનું ભોજન કેવી રીતે મેળવવું એ આજે એના માટે મુશ્કેલ બન્યું છે. ત્યારે સરકાર એનો પણ સર્વે કરે અને ગુજરાતના ખેત મજૂરો, ભાગીયાઓ જે છે એના માટે પણ એક ખાસ યોજના બનાવે કે આવી સ્થિતિનું નિર્માણ થાય ત્યારે એ ખેત મજૂરો, ભાગીયાઓને પણ આર્થિક નુકસાનીના સમયમાં મદદ મળી રહે, એને વળતર મળે, સહાય મળે, રાહત મળે એ માટે પણ સરકાર પાસે માંગ કરીએ છીએ.

ખેતી તો બરબાદ થાય છે પણ સાથે સાથે પશુપાલકો હેરાન પરેશાન છે. તેમને ખૂબ મોટું નુકશાન થયું છે. સૌરાષ્ટ્રમાં કિસાન આક્રોશ યાત્રા દરમિયાન પ્રત્યક્ષ જોયું કે પશુઓને ખાવા માટે કોઈ ઘાસચારો નથી, કોઈ વ્યવસ્થા નથી ત્યારે એના માટે પણ સરકારે આગળ આવવું પડશે. પશુદાણમાં, ઘાસચારામાં પણ રાહત આપવી પડશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો.મનીષ દોશી, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સોનલબેન પટેલ, પ્રવકતા હેમાંગ રાવલ, ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયા, ડો. હિરેન બેન્કર ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપ અગ્રણી દ્વારા આવકાર

# લીલીયા મોટા : રાજય સરકારનું પેકેજ આવકાર દાયક

## ખેડુતોમાં ખુશીની લહેર

લીલીયા મોટા, તા. ૮

અમરેલી જિલ્લામાં માવઠાને કારણે ખેડુતોને ખેતીમાં ભારે નુકસાન થતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ૧૦ હજાર કરોડના સહાય પેકેજ મંજુર કરેલ છે. આ પેકેજ જાહેર થતા ખેડુતોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે આ નિર્ણય કરવા બદલ ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલ મુખ્યમંત્રી અને રાજય સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કર્યાનું જણાવ્યુ છે.

# બાબરા : એસઆઈઆર અંતર્ગત બીએલઓ દ્વારા ફોર્મ વિતરણ થયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

ભારતીય ચૂંટણી પંચ દ્વારા સોંપેલ એસઆઈઆરની કામગીરી મશગુલ બીએલઓ શહેરના અલગ અલગ વિસ્તાર મતદારો સુધી ડોર ટુ ડોર સંપર્ક કરી માહિતી માર્ગદર્શન આપી ફોર્મ વિતરણ કરાયું.

સમગ્ર દેશમાં ભારતીય ચુંટણી પંચ દ્વારા એસ આઈ આર (sir) કામગીરીનો આરંભ કરાવ્યો છે જે કામગીરી માં તમામ બી એલ ઓ લાગી ગયા છે બાબરાના જીવનપરા વિસ્તાર માં કામગીરી કરતા બીએલઓ દિવ્યકાન્ત કોટડીયા સહિત બી ઓ ડોર ટુ ડોર મુલાકાત લઈ ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરી છે અને મતદારો ને યોગ્ય માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

# સાવરકુંડલા : સ્વામીનારાયણ ગુરૂકુળ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ યોજાયો



સાવરકુંડલા, તા. ૮

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને પ્રયાનમાં રાખી દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા વિના મૂલ્યે નેત્ર કેમ્પ આજરોજ તા. ૭.૧૧.૨૫ ના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૪૧ માં નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૫૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ ૨૦ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગરની આંખની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. ૩૪૧માં વિના મૂલ્યે મહા નેત્રયજ્ઞનું દિપ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી, સંસ્થાનાં કોઠારી અક્ષર મુક્તદાસજી સ્વામીના સાનિધ્યમાં ગુરૂકુળના સંત શુકદેવજી સ્વામી તથા વીરનગર હોસ્પિટલના ડોક્ટર સાથે કરવામાં આવેલ.

નેત્રકેમ્પના યજમાન પદે મુંબઈના કીર્તિકુમાર ચંપકલાલ બોરડીયા રહ્યા હતા. નેત્રયજ્ઞને સફળ બનાવવા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાનાં કોઠારી અક્ષર મુક્તદાસજી સ્વામીનાં વડપણ હેઠળ સાથે સંસ્થાના કર્મચારીઓએ ભારે જેહમત ઉઠાવી હતી, અને આવનાર તમામ દર્દી નારાયણને ચા સાથે નાસ્તો આપવામાં આવેલ હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### આગજની વખતે અન્ય શહેર પર આધાર હોવાથી

# લીલીયા મોટા ખાતે ફાયર સેફ્ટીની સુવિધા આપવા આમ આદમી પાર્ટીની માંગ

## મામલતદારને લેખિતમાં રજુઆત કરાઈ

લીલીયા, તા. ૮

લીલીયા મોટાનાં આમ આદમી પાર્ટીનાં પ્રમુખ વિજયભાઈ વીરાણીએ મામલતદારને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકાના ૩૬ ગામમાં ફાયર સેફટીની કોઈ પ્રકારની સુખ સુવિધા પ્રાપ્ત ન હોય તેથી જયારે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આગજનીના બાનવ બને છે. ત્યારે લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. તેથી સત્વરે તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ગામોને ફાયર સેફટી સુવિધા મળે.



અત્રે ઉલ્લેખનીય છે કે અવાર નવાર આ વિસ્તારમાં રહેણાંક, ખેતરો અને વાહનોમાં આગ જનીના બનાવો બને છે. ત્યારે સ્થાનિક ફાયર સેફટીની કોઈ સુવિધા ઉપલબધ ન હોય તેથી અમરેલી – સાવરકુંડલા જેવા શહેરોમાંથી આ સુવિધા મેળવવવાના પ્રયાસ કરવામાં આવે છે. તેથી આગજનીના બનાવ ઘટના સ્થળે ફાયર સેફટી વાહન પહોંચવામાં કલાકોનો સમય લાગે છે તેના કારણે લોકોને ભારે મુશ્કેલી અને મોટું આર્થિક નુકશાન વેઠવાનો વારો આવે છે. તેથી લીલીયા શહેર સહિત સમગ્ર તાલુકાને લોકોને ફાયર સેફટીની સુવિધા પૂરતા પ્રમાણમાં મળી રહે તે અંગે ઘટતું કરવા અંતમાં માંગ કરેલ છે.

### જિલ્લા રમતગમત અધિકારીની ઉપસ્થિતિમાં

# બાબરા ખાતે તાલુકા કક્ષાનાં ખેલ મહાકુંભમાં ખો–ખો રમતમાં કૌશલ્ય પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓ

## સમગ્ર પંથકની ૨૦ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં તાલુકા કક્ષાના ખેલમહાકુંભનો પ્રારંભ થયા બાદ આજે ત્રીજા દિવસે તાલુકાની અલગ અલગ શાળાનો વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રમતોમાં આગવું પ્રદશન કર્યુ હતું જિલ્લા રમતગમત અધિકારી પૂનમબેન પણ ઉપસ્થિત રહી ખેલાડી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું.

કમળશી હાઈસ્કૂલ ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૫ના ત્રીજા દિવસે ખોખોની સ્પર્ધાનું આયોજન થયેલ તેમાં બાબરા તાલુકાના આજુબાજુની સ્કૂલોના અંડર ૧૪ તથા અંડર ૧૭ તથા ઓપન વિભાગમાં ભાઈઓ બહેનાની કુલ ૨૦ ટીમોએ ભાગ લીધેલ હતો જેમાં અન્ડર ૧૪ ભાઈઓમાં સત્યમ સ્કુલ કરીયાણા તથા બહેનોમાં નીલવડા પ્રાથમિક શાળા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ અને અંડર ૧૭માં ભાઈઓ તથા બહેનોમાં સત્યમ સ્કુલ કરીયાણાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ અને અંડર ૧૪ ભાઈઓમાં નીલવડા પ્રાથમિક શાળા તથા બહેનોમાં નાની કુંડળ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ બીજો ક્રમાંક પ્રાપ્ત કરેલો હતો અને અંડર ૧૭માં ભાઈઓમાં નિલવડા માધ્યમિક શાળા અને બહેનોમાં સુખપુર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ બીજો ક્રમાંક પ્રાપ્ત કરેલો હતો આ સિવાય બાબરાના હાઈસ્કૂલના તથા પ્રાથમિક શાળાના વ્યાયામ શિક્ષકો અને બાબરા ખેલ મહાકુંભના કન્વીનર ચિરાગભાઈ પાટડીયા દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા

# ગીગાસણ ખાતે શિયાળુ પાકોની ખેતી પદ્ધતિ વિશે તાલીમ યોજવામાં આવી

## નવીન જાતોની લાક્ષણિકતાઓ વિશે જણાવાયુ

અમરેલી, તા. ૮

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા દત્તક લીધેલ ગીગાસણ ગામે તા. ૭/૧૧/૨૦૨૫ નાં રોજ તાલીમ યોજાઈ. જેમાં કેવીકેનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારીયા, ડો. વી.સી. ગઢિયા, સહ પ્રાધ્યાપક, કીટકશાસ્ત્ર વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જુકૃયું., મોટા ભંડારીયા, ડો. નેહા તિવારી, કેવીકે વિષય નિષ્ણાંત (ગુહ વિજ્ઞાન), ડો. શ્વેતા એ. પટેલ, કેવીકે વિષય નિષ્ણાંત (સશ્ય વિજ્ઞાન) અને ડો. પી. જે. ડાવરીયા, મદદનીશ પ્રાધ્યાપક, કીટકશાસ્ત્ર વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જુકૃયું., મોટા ભંડારીયા તથા ૬૨ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા. આ તાલીમમાં કેવીકેનાં વડા દ્વારા કેવીકેની કામગીરી વિશે ખેડૂતોને માહિતગાર કર્યા. ડો. વી.સી. ગઢિયા દ્વારા કપાસમાં આવતી ગુલાબી ઈયળ અને તેનું નિયંત્રણ તથા ખેતીમાં ખર્ચ કેવી રીતે ઘટાડી શકાય એ વિશે ખેડૂતો જોડે ચર્ચા કરી શિયાળ પાક જેવા કે ચણા અને ઘઉંમાં આવતી રોગ જીવાતનાં નિયંત્રણ વિશે ડો. પી. જે. ડાવરીયાએ ખેડુતોને માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવીન જાતોની લાક્ષણિકતાઓ વિશે ડો. શ્વેતા એ. પટેલે જણાવ્યું. છેલ્લે નેહા તિવારી દ્વારા આભારવિધિ કરી આ તાલીમ પૂર્ણ કરવામાં આવી.



# અમરેલી ખાતે મંત્રી કૌશિક વેકરીયાની બ્રહ્માકુમારી આશ્રમ મુલાકાત–સેવાભાવ અને માનવકલ્યાણ માટેની સંસ્થાની પ્રશંસા









ગુજરાત સરકારના મંત્રી કૌશિક વેકરીયા અમરેલી ખાતે આવેલા બ્રહ્માકુમારી આશ્રમની મુલાકાતે પહોંચ્યા હતા. આ અવસરે તેમણે સંસ્થાની બહેનો સાથે સૌહાર્દપૂર્ણ મુલાકાત કરી અને તેમના નિસ્વાર્થ સેવાભાવ તથા માનવકલ્યાણ માટેના સતત પ્રયત્નોને હૃદયપૂર્વક વંદન વ્યક્ત કર્યુ હતું. મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું કે બ્રહ્માકુમારી સંસ્થા વર્ષોથી સમાજમાં નૈતિકતા, આધ્યાત્મિકતા અને માનવ મૂલ્યોના સંવર્ધન માટે સતત કાર્યરત રહી છે. આ સંસ્થા દ્વારા લોકોને આંતરિક શાંતિ, સ્વચ્છ વિચારો અને સકારાત્મક જીવનશૈલી તરફ દોરી જવાનું કાર્ય ખરેખર પ્રેરણાદાયક છે. તેમણે બહેનો દ્વારા આપવામાં આવતી રાજયોગ ધ્યાન, સ્ત્રી શક્તિ જાગૃતિ, નશાબંધી, અને પર્યાવરણ સંરક્ષણ જેવી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી. આ મુલાકાત દરમિયાન મંત્રીએ આશ્રમના પરિસરનું નિરીક્ષણ કર્યુ અને બહેનો પાસેથી આશ્રમની વિવિધ સેવાકાર્ય યોજનાઓ વિશે માહિતી મેળવી. તેમણે કહ્યું કે બ્રહ્માકુમારી સંસ્થા જેવી સંસ્થાઓ સમાજના નૈતિક અને આધ્યાત્મિક માળખાને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. મંત્રી વેકરીયાએ આશ્રમના સભ્યોને શુભકામનાઓ પાઠવી હતી અને કહ્યું કે સરકાર પણ સમાજમાં માનવીય મૂલ્યોના સંવર્ધન માટે કાર્યરત છે. ''માનવ સેવા એ જ ઈશ્વર સેવા''એ સંદેશને તેમણે પુનઃ ઉલ્લેખ કર્યો અને બહેનોના સમર્પિત સેવાભાવને સલામ કરી. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, આશ્રમના સેવાધારી સભ્યો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતે આશ્રમ તરફથી મંત્રીએ સન્માનસ્વરૂપે સ્મૃતિચિહ્ન પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

# નારી શકિતનો એ માસ ફોર્સ પાવર કૃષિ ક્ષેત્રે ઘણું નોંધનીય કાર્ય કરે છે




બેન! આપડે દીકરી માટે કોઈ સારૂ ઠેકાણું હોય તો કેજો ! ''ખેતીમાં નથી દેવી !'' આછું પાતળું ય, પણ ''સુંવાળા''માં દેવી છે !

(આ ''સુંવાળા'' એટલે ''ખેતી'' કરતો મુરતિયો કે કુટુંબ નહીં !..... પણ) આવી સામાજિક માનસિકતા જયારે જોર પકડી જ ગઈ હોય ! ત્યારે ખેતી કાર્યોમાં ''સ્ત્રી શકિત''નું યોગદાન એ વિશે લખવાનું થાયત્યારે ઘડીભર ''કલમ'' ય પૂછે ! આપણે, આપણો સમાજ કઈ તરફ જઈ રહ્યો છે ?

જો કે સાંપ્રત સમયમાં આજે ''મધર ઈન્ડિયા''માં કે તેમની ફ્રન્ટ પેજ પરની તસ્વીરમાં દર્શાવાયેલ સ્થિતિ ''કૃષિ ક્ષેત્રે કાર્યરત સ્ત્રીઓની સાવ નથી !'' ને તોય ''સુંવાળીય'' પણ નથી જ એ પણ હકીકતને પણ સ્વીકારવી પડે.

ખેર ! અહીં આપણે કૃષિ ક્ષેત્રે નારી શકિતના યોગદાન વિશે વિચારીએ. એક અંદાજ મુજબ ૪૩.૯૨ લાખ સ્ત્રીઓ માત્ર ગુજરાતમાં જ ''સવાર પડે ને કૃષિ પ્રવૃતિથી પોતાના દિવસનો શુભારંભ કરે છે.'' પુરૂષો તો ''બાઈક'' લઈને કે ટ્રેકટર કે બળદગાડી લઈને ખેતરે જાય અને ઘણી વખત એ નારી શકિતને સીમમાં મૂકીને અન્ય જરૂરી કામે પણ વળગી જાય છે. સ્ત્રીઓ જ ''જગતના તાત''ની ''લાજ'' ગણી શકાય. કૃષિલક્ષી પ્રવૃતિ આખો દિકરી રાખે છે. તેમ કહેવું આસ્થાને નહીં જ ગણાય.

સરકારના કૃષિ અને કૃષિ સલગ્ન વિભાગો દ્વારા પણ કદાચ એટલે જ આ સંદર્ભ ખાસ તાલીમની વ્યવસ્થાઓ કરવામાં કૃષિ ક્ષેત્રે કાર્યરત સ્ત્રીઓ માટે સતત, નિયમિત કરવામાં આવી રહી હોય છે. કૃષિમાં સ્ત્રીઓ કઈ પ્રવૃતિ કરે છે તે જણાવવાને બદલે આજની આધુનિક સ્ત્રી કૃષિ ક્ષેત્રે પણ ''સવાઈ મર્દ'' બની તમામ પ્રવૃતિઓ કરે જ છે.હા, અને અમુક ''નોર્થ ઈસ્ટ''ના રાજયોમાં તો સ્ત્રીઓ સિવાય તે ખેતી પ્રવૃતિઓ અસંભવ જ બની ગઈ છે. ઉદાહરણ રૂપે ચાના બગીચામાં એ પર્વતીય ઢોળાવ પર ચાય પત્તી ચૂંટવી જો કે આ પુરૂષાર્થની અવેજીમાં સ્ત્રીઓને શું પ્રાપ્ત થયું ? તેમ કોઈ પૂછે તો ,કહેવું પડે કે.......''અનેક તોલા સોનુ'' પણ સારા દિવસો/વરહમાં આપણા જ કિસાન બંધુઓ / સ્વજનો /કુટુંબીઓએ લીધેલાના દાખલા પણ મોજુદ છે. (જોકે આ વાત અત્યારે ''કપરો કાળ'' ભોગવતા ખેડુ માટે ઘણું અઘરૂ છે) હવે વાત વિસ્તારથી કરીએ તો ''બાય ડિફોલ્ટ'' કૃષિ એ ''પ્રાકૃતિક પ્રવૃતિ'' છે. વ્યવસાય તો તેને કળિયુગે બનાવેલ છે.

''પંચ મહાભૂતો'' (આકાશ,પૃથ્વી,પાણી,અગ્નિ..) સાથે જો પ્રકૃતિના આ પાંચ મહાભૂતો એ જ ઘડેલા માનવ દેહને એકાકાર થઈ ''જીવનની સાચી મોજ'' રોજ લેવી હોય તો ''કૃષિ''થી ઉત્તમ કોઈ પ્રવૃતિ આ પૃથ્વી પર નથી. એ સત્ય છે. અને આ સત્યનો સાક્ષાત્કાર થઈ જતા અનેક વિશિષ્ટ કિસ્સાઓ માધ્યમો દ્વારા આપણને જાણવા મળે છે. જેમાં એક એક કરોડના વાર્ષિક પેકેજો, મહાનગરનો વસવાટ, ગાડી, બંગલા, એ. સી, કોમ્પ્યુટર, ''ધાણી ફૂટ'' અંગ્રેજી બોલતા સમાજમાંથી, સાપ કાંચળી ઉતારે તેમ તે કારકિર્દીને સ્વેચ્છાએ અલવિદા કહી પ્રકૃતિના ખોળે આવી ગયેલ આઈ.આઈ. ટી.કે આઈ. આઈ.એમ.ના યુવા, યુવતીની વાત પણ છે.

આપણા અમરેલી અને ભાવનગરના જ ખેડુતોની ખેતી છોડીને મહાનગરોમાં હિજરત, સંઘર્ષ, વિકાસ અને ''વિકાર !'' (ફાર્મ હાઉસોમાં યોજાતી ''પીવાની'' અને ''ખાવાની'' પાર્ટીઓ અને તેમાં પણ આધુનિક વિચારધારાથી લથપથ કોઈ ''બેન, દીકરીઓ, યુવતીઓની સક્રિય ભાગીદારીના સાચા / ખોટા સમાચારો જયારે ધ્યાન પર આવે છે ! ત્યારે દુઃખ અને હતાશા અનુભવાય છે કે આપણો સમાજ ક્યાં જઈ રહ્યો છે ? કયાં જશે ? પરંતુ તુર્તજ ''શુભમાંથી શ્રદ્ધા કદી ન ગુમાવવી'' ના શીખેલ અભિગમથી સમતોલન જળ વાય છે.અને રોજ નવી સવારે ...એક રોજ નવો આશાવાદ.... કે ''સૌ સારા વાના થઈ જાશે !''

વર્ક ફોર્સની મહત્તા નીચેની લાઈનમાં પ્રતિબિંબિત થઈ જાય છે. અનેક સંઘર્ષો, કુદરતી થપાટો સહન કરીને એક ફિનીક્ષ પક્ષીની માફક રાખમાંથી ઉભા થઈને ફરી નવસર્જન કરતી એ નારી શકિતની શત શત પ્રણામ સાથે ''કામ કરે ઈ જીતે રે માલમ, કામ કરે ઈ જીતે !'' ''આવડો મોટો'' ''મલક'' આપડો ! બદલે બીજી કઈ રીતે ? હે માલમ ! બદલે બીજી કઈ રીતે ! હાલો ભાઈ ! કામ કરે ઈ જીતે ! ફરી વળગી એ કામે ભાઈ બંધ ! ફરી વળીએ કામે ! મૂકી નફા નુકશાન ''ઉપર વાળા''ને નામે ! ભાઈબંધ ફરી વળગી એ કામે ! આમ પ્રારબ્ધ અને પુરૂષાર્થની પાતળી ભેદરેખા વચ્ચે પિસાતો ખેડૂતને આ નારી શકિતના કૃષિ ક્ષેત્રે યોગદાનને અવગણી તો કદી પણ ન શકાય તિખારો..ધૂપસળી મેડમ કયુરી ! ની અસહ્ય સંઘર્ષ ગાથા ! મોતને પણ ગળે લગાવીને અને વિને મળેલ ''રેડિયમ''ની શોધ ! અને ''રેડિયો ગ્રાફ'' દ્વારા માનવ ચિકિત્સામાં આવેલ ક્રાંતિ ! અણમોલ છે.

તો ભારતના લોખંડી મહિલા પ્રધાનમંત્રી સ્વ. ઈંદિરા ગાંધીના કાળમાં ભારત પાકિસ્તાનના યુધ્ધમાં પાકિસ્તાનની એ પંચાણું હજારની લશ્કરી ફોજને શરણે આવવા મજબૂર કરી પાકિસ્તાનના બે ટુકડા કરી બાંગ્લાદેશ નામના નવા દેશનું સર્જન કરનાર એ લોખંડી મહિલાની નારી શકિતને પણ શત શત વંદન. જો એમ ન થયું હોત તો આજે ભારતીય લશ્કરે બંને મોરચે લડવું પડતું હોત.

# ॥ રામસીય શોભા અવધિ, સુકૃત અવધિ દોઉ રાજ ॥

શ્રી રામચંદ્રાય નમઃ

ઈંદોર તા. ૮–૬–૬૪

પ્રિય પુરૂષોત્તમભાઈ સાદર આશીર્વાદ, મેરી તબિયત બરાબર નહીં હે પર ચિન્તા જેસી બાત નહીં હે. આટલું લખાવી કહ્યું, ''રખદે બાદમેં મેં લિખૂંગા.''

બે દિવસ બાદ એ જ પત્રમાં આગળ સ્વહસ્તે લખ્યું,

અબ મેં રમાકી શિકાયત લિખતા હું યહ હંમેશા ઉદાસ રહતી હે ઔર સદેવ મૌન જેસી રહતી હે. સેવા કરતી હે પવિત્ર હે ઈસમેં શંકા નહીં ગુરૂપૂર્ણિમા ભગવાનકે ચરણોમેં ૭૫ ટકા હોગી. એસા અભી લગતા હે રમા સંભવતઃ મેરે સાથ જાયેગી યદિ કોઈ વિક્ષેપ હુઆ તેં રવિવાર કો જયપુર રવાના હોગી.

પૂર્ણિમા કે બાબત રમા આકર કહેગી રમા બડી હોશિયાર હે.

મુજે ખૂબ સુખ દિયા વિચાર કરતાં હૂં કિ કુછ દિન સાથ રહે.સબકે આસીસ રણછોડદાસકા આસીસ

આ રીતે ભગવાનના લખાણ પ્રમાણે ઘણીવાર મને સાથે રાખવા સ્વેચ્છાથી પૂર્ણ પ્રયત્ન કરતાં. પરંતુ દ્વેષ અને ઈર્ષાથી અમુક વ્યકિત દ્વારા વાતાવરણ ઉગ્ર બની જતા પિતાની અનિચ્છાએ પણ મને જયપુર મોકલી દેતા.

આ વર્ષની ગુરૂપૂર્ણિમા જયપુરમાં ઉજવાશે તેમ ભગવાનની વાત–ચીત પરથી જણાયું. થોડા દિવસો પછી કારણસર ભગવાનના નિયમમાં ફેરફાર થયો અને મૌનમાં રહેવા ઈચ્છે છે તેમ બધાને જણાવ્યું. તેથી બધા ગેસ્ટ હાઉસમાં રહેવા ગયા, ત્યાં અમે પાંચબહેને હતા. રોજ વહેલી સવારે એક બહેન પોતાના ભાવ પ્રમાણે ભગવાન માટે દૂધ બનાવી મૂકતા. ત્યાં એ રીતની કુળવડ કરવામાં આવેલી. ગુરૂમંદિરના કમ્પાઉન્ડની ચારે બાજુ ઊંચી રાઈલ હતી. તેમાં એક જગ્યાએ નાના

રામરૂપ નખશિખ સુભગ, બારહિં બાર નિહારી।

કબાટ જેવું બનાવેલું. જે અંદર બહાર બેઉ બાજુથી ખોલી શકાય. સેવા કરતાં બહેનો સમય સમય પર તેમાં દૂધ, ભોજનને, વસ્ત્રો મૂકી દેતા. આ કાર્ય માટે અમે સવારે પાંચ વાગે બધા ત્યાં જતા અને સૌ પોત–પોતાનું કાર્ય સંભાળતા. મારા હાથમાં તો કોઈ સેવા હતી નહીં. જેથી બગીચામાં બેસી માળા કરતી. કોઈ કોઈવાર ભગવાન અગાસીમાં આંટો મારવા નીકળતા તો દર્શનનો લાભ મળ તદ. કોઈકવાર બપોરના એક એક વ્યકિતને થોડી થોડીવાર માટે અંદર પણ બોલાવતા. બપોરે અમે રૂમ પર જતા અને સાંજે ફરી ગુરૂમંદિર જતાં.

આ પ્રસંગ બાબત ભગવાનનું દેહવિલય બાદ આજ્ઞા પ્રમાણે પુષ્કર રામધામમાં હું રહેતી ત્યારે ઘણીવાર કોઈને કોઈ ગુરૂભાઈ બહેનો ભગવાનના અદભુત લીલા પ્રસંગો કહેવા સાંભળવાની ઈચ્છાથી મારી પાસે આવતા. તે વખતે એક ભાઈએ આ વાત કહેલી કે ''રમાબેન, ઈંદરમાં






પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

હું પણ હતો અને તમને ખબર છે એકવાર ભગવાને શું કરેલું ?'' ભગવાન જયારે મૌનમાં અંદર બિરાજતા હતા અને તમે બધા ગેસ્ટ હાઉસમાં રહેતા હતા. તે વખતે સાંજે તમારા બધાના ગયા બાદ અમે સાત આઠ ભાઈઓ સેવા માટે અંદર જતાં. એક દિવસ ભગવાને ત્રણ ચાર દિવસ માટે અનંતપુર જવાની ઈચ્છા જણાવી અને કહ્યું, 'કૈસે જાઉં ? યહ જો બહેને સેવા કરતી હૈ વહ મુઝે જાને નહીં દેગી યા તો સાથ ચલનેકી હઠ કરેગી.'' અમે કહ્યું, ''ભગવાન, એ લોકોને બહારથી તાળ લગાડેલું જોઈને ખબર જ નહીં પડે.'' ફિર દૂધ, ટીફિન વિગેરે કૌન લેગા ?''

એક ભાઈએ કહ્યું, ''ભગવાન, એ કામ મારૂં. ખાલી મને બધુ બતાવી દો ક્યા સમયે બધું લેવાનું મૂકવાનું અને કઈ રીતે પ્રસાદ પાછો મૂકવાનો'' ભગવાન ખૂબ જ હસવા લાગ્યા અને કહ્યું, ''સમજ લોગે ?'' તે ભાઈએ કહ્યું, ''હા હા ભગવાન, તમારા આશીર્વાદથી બરાબર સંભાળીશ. કપડા ધોવા મૂકવાના હોય તો બતાવી જાવ, તમારા બે જોડી કપડા પ્રસાદિમાં આપતા જાવ, પહેરીને મૂકી દઈશ.'' છેવટે વાત અમલમાં મૂકાઈ.




આમ બીજા દિવસે રાત્રે ભગવાન અનંતપુર જવા નીકળી ગયા. ત્રીજે કે ચોથે દિવસે રાતના સમયે જ ભગવાન પાછા પધાર્યા. આવીને તે ભાઈને ભગવાને પૂછ્યું, ''ક્યા હુઆ ? સબ ઠીક તો રહા ના ?'' તે ભાઈએ કહ્યું, ''હા કોઈને ખબર નથી. સમય સમયે હું બધુ લઈ લેતો

રામહિં ચિતવ સુરેજ્ઞા સુજાના, ગૌતમ શ્રાપ પરમહિત માના।

અને પ્રસાદ મૂકી દેતો'' અને બધી ચિઠ્ઠીઓ ભગવાનને આપી. ભગવાન ખડખડાટ હસી પડયા. આ રીતે કૃષ્ણલીલા પ્રભુ કરતા હતા.

બાપુજીનો પત્ર આવેલો તેમાં ભગવાનને ગુરૂપૂર્ણિમા પર થોડા વહેલા જયપુર પધારવા વિનંતી કરેલી. તેનો જવાબ હું લખતી હતી ત્યારે ભગવાને લખાવ્યું, ''મૈં તો ૨૨ કો યહાંસે નિકલ કર ૨૩ કી રાત યા ૨૪ કી સુબહ કો વહાં પહુંચૂંગા. વૈસે મેં વહાં બરાબર હાજર હી હું.'' આ પત્રમાં થોડું સ્વહસ્તે લખી આપ્યું.

ભગવાન કો પ્રણામ

દેખો મેં આગેસે નહીં આ સકૂંગા અસ્તુ દુઃખ ન લગાના. સબકો આસીસ કહના. રણછેડદાસકા આસીસ ઈંદોર માત્ર દર્શન માટે આવેલી અને ભગવત્ ઈચ્છાથી દોઢ મહિનો રહેવાનું થયું. ઈંદરથી નીકળતાં પહેલાં છેલ્લા આઠ દિવસથી મૌન, એકાંતને નિયમ ભગવાને છોડી દીધેલો. અમે આખો દિવસ ભગવાન પાસે આવ જા કરી શકતા. એક દિવસ મને વાત કરવા બોલાવી ત્યારે કહ્યું, ''ધીરે બોલો વહ સુનતી હોગી.'' પછી બીજા રૂમમાં લઈ ગયા અને ત્યાં જઈ વાત કરી. સાક્ષાત્ પરમાત્મા પાસે રહી જીવ પોતાની પ્રકૃતિ છોડી શકતો નથી. પણ જીવ માત્ર પોતાની ભૂમિકા પ્રમાણે જીવત હોય છે. કોઈવાર આ રીતે કોઈ વાત સાંભળી તે બાબત ખટપટ કરી હશે. કારણ રસોડુ તે રૂમની બિલ્કુલ બાજુમાં હતું. મેં કહ્યું, ''ભગવાન, આપ અંતર્યામી છો, આપની સાથે આવું કરે તો તેઓને ખ્યાલ નહીં આવતો હોય કે ભગવાન બધું જાણે છે.'' ''રમા મુઝે ભગવાન માન હો તો ના ?'' મેં આશ્ચર્યથી કહ્યું, ''ભગવાન, આપકો ભગવાન તો કહેશે હૈ.'' ''દેખો રમાં કહના અલગ બાત હૈ.....

વાણીમેં ભગવાન હૈ, તનસે હૈ ગુરૂદેવ, મનસે હૈ ફોટો ફકત, તો કિસ વિધ હોવે સેવ.''મેં કહ્યું, ''ભગવાન, મને તે કંઈ સમજાતું નથી આટલી આટલી ! સેવા કરે, સાથે રહે, પ્રણામ પૂજા કરે છતાં આવું કેમ કરી શકે ?'' 'છોડો યહ સબ તુમ્હેં સમજમેં નહીં આયેગા, તુમ્હે કયા માલૂમ.

રામચંદ્ર મુખચંદ્ર છબિ, લોચન ચારૂ ચકોર । નમન નમનમેં ફેર હે, બહુત નમે નાદાન,દગાખોર દૂના નમે, ચિત્તાચોર કમાન.''

આ પ્રસંગ પરથી મને વિચાર આવતો. જે જીવ નિત્ય ભગવત્ ચરણામૃત, ભગવત્ પ્રસાદ, ભગવત્ સેવા, સાનિધ્ય મેળવીને પણ આવા અનૈતિક કૃત્યો કરતા હોય, પિતાના અહમ્ પિષવા માટે પત્રોની ચારી, છૂપી રીતે વાતે સાંભળવી, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, દંભ, કપટ તેમજ અસત્યને સાથ લેતા હોય તો તેમને અગર ભગવત્ સાનિધ્ય પ્રાપ્ત ન થયું હોય તે તેમની કઈ સ્થિતિ હોય તેની તે કલ્પના પણ કેમ કરી શકાય ?

એક વાંચેલી ઘટના યાદ આવે છે. એક બાબાજી પાસે પારસમણિ હતો, તેની જાણ એક ભાઈને થતાં તેમણે પારસમણિ બતાવવા બાબજીને ઘણી વિનંતી કરી. બાબાજીએ તેમને પારસમણિ બતાવ્યો. ત્યારે તે ભાઈ માનવા તૈયાર નહોતા કે તે પારસમણિ છે કારણ તે લોઢાની ડબ્બીમાં રાખેલો હતો. તેમણે બાબાજીને કહ્યું, જો આ પારસમણિ હોય તો પછી આ ડબ્બી સોનાની કેમ ન બની ગઈ ? કાટવાળ ી ડબ્બી હતી અને પારસમણિ એક કપડામાં વીંટેલો હતો તેથી લોઢાની ડબ્બી સોનાની કેમ બને ? આ જ રીતે જયાં સુધી જીવ પોતાના અંતઃકરણનો કાટ દૂર કરી પ્રભુપદને સ્પર્શ ન કરે, ત્યાં સુધી સંત અને ભગવંત જે પોતે લોહને કાંચન નહીં પરંતુ પારસમણિ બનાવવાની ક્ષમતા ધરાવે છે તે લાભ કેવી રીતે મેળવી શકે ? પારસમણિ અરૂ સંતમેં, બડો અંતરો જાન,

પારસ તો કંચન કરે, સંત કરે આપ સમાન.


એક દિવસ ભગવાન માનસ પિયુષ વિષે વાત કરતા હતા. તેના સાત ભાગ છે. તેમાંનુ સુંદરકાંડનું પુસ્તક ભગવાન પાસે હતું. મને કહ્યું, ''રમા તુમ્હારે લિયે અચ્છા હૈ ઉસકો પઢના.'' હું કોઈપણ જાતને વાંચનથી બહુ કંટાળ તી. મારા મોઢા પર અણગમો દેખાઈ આવતા મારી અનિચ્છા જોઈ ફરી વાંચવા બાબત કંઈ કહ્યું નહીં. હવે તો ઈંદર છોડવાનો સમય નજીક હતો. ઈંદોરથી નીકળી ભગવાન સાથે પુષ્કર આવ્યા.

# ચૂંટણીનુ પરિણામ જાહેર થાય તેના બીજા દિવસથી જનતા જુદા જુદા વિષયો ઉપર રજુઆતો અને ફરીયાદો લઈને દોડવા લાગે છે

લોકતંત્રમાં જનતા પોતે રાજા છે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ ફકત જાહેર સેવકો છે નોકરીયાતો રાજય સેવકો છે એટલે જનતાએ ભ્રષ્ટાચારની ફરીયાદો કરવાનો અર્થ નથી, સતા ઉપર બેઠેલા અને સતા ભોગવતા બધાને ખબર છે કે ભ્રષ્ટાચાર થાય છે એ લોકો ભ્રષ્ટાચાર કરે છે તો એમની સામે ભ્રષ્ટાચારની ફરીયાદો કરવી એ જ મોટી મુર્ખતા છે,

મતદાનના એક દિવસ માટે રાજા બનતા મતદારો જેને વધુ મત આપે છે એ ઉમેદવારો સતા ઉપર બેસે છે એટલી સમજણ ૭૭ વર્ષ પછી આપણને આવી નથી, ભ્રષ્ટાચાર કરવા માટે ભ્રષ્ટાચારથી રાજકારણીઓ ચૂંટાય છે ભ્રષ્ટાચાર કરવાની સતા રાજય સેવક નોકરીયાતો પાસે છે બંને સહયોગી બની ભ્રષ્ટાચાર કરે છે તેથી કોઈએ ભ્રષ્ટાચારની ફરીયાદો કરવી એજ મોટી ભુલ છે.

મતદાન આપી દિધા પછી સેએ પોતપોતાના કામે ચડી જવાનું છે બીજી ચુંટણી આવે ત્યાં સુધી જે થાય તે ભોગવવાનું હોય છે, ટેકનોલોજી અને સોશિયલ મીડિયા તેમજ ડીજીટલ ઓનલાઈન સરકારી કામગીરીને કારણે કોણે કયાં કેટલો ભ્રષ્ટાચાર કર્યો છે ઉપર બેઠેલા બધાને પુરતી જાણ હોય છે, કૌભાંડો અને ભ્રષ્ટાચાર એજ રાજકારણનો ઉદેશ્ય છે, સેવા કરવી હોય તે આશ્રમ ચલાવે છે, ભ્રષ્ટાચાર અને કૌભાંડો વિશે કોઈ અરજી કે ફરીયાદ કરવાને બદલે જનતાએ સ્વિકારવાનુ હોય છે. ધારાસભાની ચૂંટણી જીતવા ૧૨ થી ૨૫ કરોડ ખર્ચાય છે ઉમેદવાર ખર્ચે કે તેની પાર્ટી ખર્ચે પણ છેવટે બધાએ ભ્રષ્ટાચાર કૌભાંડો કરીને જ એ ખર્ચાયેલા રૂપીયા મેળવવાના હોય છે. ભ્રષ્ટાચાર અને કૌભાંડો માટે જ મતદાન કરો છો એવું સ્વિકારી લેવાનું છે,




અખબારો, ટીવી ચેનલો, સોશિયલ મીડિયા ઉપર નાના મોટા બધા ભ્રષ્ટાચારો, કૌભાંડો, રાજકારણીઓના વ્યભિચારો, રાજકારણીઓની ગુનાહિત પ્રવૃતિઓ સતત પ્રસિદ્ધ થતી રહે છે પાંચ પાંચ વર્ષ સુધી લોકો હજારો સમાચારો દ્વારા ભ્રષ્ટાચાર અને કૌભાંડો જાણતા રહે છે છતાં એના એજ પક્ષ અને એના એજ ઉમેદવારોને મત આપી આપી ભ્રષ્ટાચાર અને કૌભાંડોને સ્વિકારતા રહે છે. ભ્રષ્ટાચાર અને કૌભાંડો થાય છે અને મોંઘવારી વધતી રહેશે તેમ વધુ કૌભાંડો અને ભ્રષ્ટાચાર થશે, એકવાર ચૂંટાયેલાને ફરી મતદાન આપતા રહેશો ત્યાં સુધી આ પરંપરા ચાલતી રહેશે. મતદાન સિવાય જનતા પાસે એક ટકો કોઈ સતા નથી, જનતાએ ભ્રષ્ટાચાર અને કૌભાંડો વિરૂધ્ધ અરજીઓ કરવાની હોતી નથી, પ્રજાજન મતદાતા અરજીઓ કરવા સિવાય એક તણખલું ઉખેડી શકે નહીં.

કરવેરા ભરો અને મતદાન કરો, ભ્રષ્ટાચાર અને કૌભાંડોને ખુશી ખુશી સ્વિકારી લો એ જ જનતાનો ધર્મ છે મતદાનનુ કર્મ જેવું કરો એવા ફળ ભોગવવા પડે છે, જેવી પ્રજા હોય તેવા તેના રાજા હોય છે અનીતિ અને બેઈમાની એ આજના જમાનાની લાયકાત બની ગયા છે તેથી બહુધા લોકોને આ ભ્રષ્ટાચાર કૌભાંડો અને રાજકારણ કોઠે પડી ગયું છે.

જાહેર વિનંતી છે કે ભ્રષ્ટાચાર અને કૌભાંડો વિશે ફરીયાદો, અરજીઓ અને આંદોલનો કે આવેદન પત્રો આપવાનુ બંધ કરો. મતદાન એટલે શું ? મતદાનનું મુલ્ય કેટલું છે તે વિચારો અને વર્ષો વરૂ કેટલા કરવેરા ભરો છો તેનો હિસાબ કરતાં શીખો અરજીઓ અને ફરીયાદો ઉપર કાર્યવાહી અને તપાસ કરનારાઓ પણ ભ્રષ્ટાચાર કરતા હોય છે, કૌભાંડો અને ભ્રષ્ટાચારોની ઉપર અરજી સાથે પુરાવા મળે એટલે ઉપર બેઠેલા પણ એમાં ભાગ પડાવીને ભ્રષ્ટાચાર કરે છે,બસ કરો..હવે... ભ્રષ્ટાચારને સ્વિકાર્યો, કૌભાંડોને સ્વિકારો મતદાન અને કરવેરાનો હિસાબ સમજશો નહીં ત્યાં સુધી આ વ્યવસ્થા સ્વિકારવી પડશે.

# ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન યોજના : પાણી બચત સાથે ખેડૂતોને મબલક ઉત્પાદનનો માર્ગ



કૃષિ માટે પાણીએ સૌથી અગત્યનું સાધન છે. વરસાદ પર આધારિત ખેતીમાં અવારનવાર પાણીની અછતથી ખેડૂતોને ભારે નુકસાન ભોગવવું પડે છે. રાજય સરકાર ખેડૂતોની આ સમસ્યાનો અંત લાવવા માટે ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન યોજના અમલમાં મૂકી રહી છે. આ યોજના અંતર્ગત ખેડૂતો પોતાના ખેતરમાં તલાવડી બનાવી તેમાં વરસાદી પાણી કે અન્ય સ્ત્રોતથી ઉપલબ્ધ પાણી સંગ્રહ કરી શકશે. સરકાર તરફથી તલાવડીમાં જીઓમેમ્બ્રેન પાથરવામાં આવશે, જેથી પાણીનો રિસાવ અટકાવી તેને લાંબા ગાળે ઉપયોગ કરી શકાય.સાવરકુંડલા તાલુકા નોડલ અધિકારી એસ.પી. પરમારના જણાવ્યા મુજબ આ યોજના ખેડૂતો માટે અત્યંત લાભદાયી સાબિત થશે. જીઓમેમ્બ્રેન પાથરાતા પાણી લાંબા સમય સુધી સાચવાઈ રહેશે. પિયતના સમયે ખેડૂતોને પૂરતું પાણી ઉપલબ્ધ રહેતા પાકની ગુણવત્તા અને ઉત્પાદન બંનેમાં વધારો થશે. આ રીતે ખેત તલાવડી યોજના માત્ર પાણી બચાવવાનો જ ઉપાય નથી, પરંતુ ખેતીમાં સમૃદ્ધિનો માર્ગ ખોલે છે. યોજનાની શરતો મુજબ, તલાવડીનું લઘુત્તમ કદ ૧૫ મીટર × ૧૫ મીટર × ૩ મીટર અને મહત્તમ કદ ૪૦ મીટર × ૪૦ મીટર × ૬ મીટર રાખવામાં આવ્યું છે. આ માટે જરૂરી જીઓમેમ્બ્રેનનું માપ ૫૦૪ ચો.મીટરથી ૨૪૬૦ ચો.મીટર સુધીનું રહેશે. ખેડૂતોને તલાવડીનો ખર્ચ પોતાને કરવો પડશે, જયારે સરકાર જીઓમેમ્બ્રેનનો ખર્ચ વહન કરશે. ખેડૂતો માટે અરજી પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન છે. અરજી કરવા માટે રાજય સરકારની સત્તાવાર વેબસાઈટ g-talavadi.gujarat.gov.in અથવા mariyojana.gujarat.gov.in પર જવું પડશે. અરજીઓ બાદ તાલુકાવાર ઓનલાઈન ડ્રો યોજાશે અને સ્થળ ચકાસણી કર્યા બાદ અંતિમ મંજૂરી આપવામાં આવશે. આ યોજનાનો મુખ્ય હેતુ પાણી સંચય વધારવો, સિંચાઈમાં આત્મનિર્ભરતા લાવવી અને ટકાઉ કૃષિ માટે પાણીનું અસરકારક સંચાલન કરવાનું છે. પાણીની અછત દૂર થતાં ખેડૂતોને પાકનું મબલક ઉત્પાદન મળશે, જેનાથી તેમની આવકમાં વધારો થશે. આ રીતે ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન યોજના ખેડૂતો માટે પાણી બચત, પાકની ઉત્પાદકતા અને આર્થિક સમૃદ્ધિ તરફનું મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# અમરેલીનાં ગીરકાંઠાનાં પશુપાલકો પશુપાલન દ્વારા પ્રગતિનાં પંથે




અમરેલીજિલ્લાનાગીરકાંઠા વિસ્તારમાં પશુપાલન હવે માત્ર જીવન નિર્વાહનુંસાધનનહિ પરંતુસફળવ્યવસાય તરીકે ઉભરી રહ્યું છે. જિલ્લાના સાવરકુંડલા, ધારી, બગસરાઅનેખાંભા તાલુકામાંઅનેકપશુપાલકોદૂધઉત્પાદન અને પશુપાલન દ્વારા લાખો રૂપિયાની આવકમેળવીરહ્યાછે. આવિસ્તારનાગ્રામ્ય પરિવારો હવે કૃષિ સાથે પશુપાલનને આવકનુંમજબૂતસાધનબનાવીરહ્યાછે. ખાંભા તાલુકાના પ્રગતિશીલ પશુપાલક સોમાભાઈ નાનાભાઈ ભમર તેનું ઉત્તમ ઉદાહરણછે. માત્રબેધોરણસુધીઅભ્યાસ કરેલા સોમાભાઈ આજે પશુપાલન દ્વારા આર્થિકરીતેઆત્મનિર્ભરબન્યાછે. તેમની પાસે હાલમાં ૭૦ જેટલી ભેંસો અને ૨૦ જેટલીગીર ગાયોછે. તેઓદરરોજસરેરાશ ૧૦૦લીટરદૂધનુંઉત્પાદનકરેછે, જેખાંભા ખાતેઆવેલીડેરીમાં ૬૦રૂપિયાપ્રતિલીટર ભાવએ વેચવામાં આવે છે. એટલે કે તેઓ રોજના આશરે ૬,૦૦૦ની આવક મેળવે છેજેમાસિકરીતેલગભગ ૧.૮લાખજેટલી કમાણીસમાનછે. સોમાભાઈ જણાવેછે કે તેમના પશુઓગીરનાજંગલવિસ્તારતેમજ ખેતરના કુદરતી ઘાસચારા વિસ્તારમાં ચરતાહોયછે. સવારેઅનેસાંજેદોહનકર્યા બાદદૂધસીધુંડેરીસુધીપહોંચાડવામાંઆવે છે. તેઓકહેછેકેગીરકાંઠાનાપર્યાવરણઅને શુદ્ધઘાસચારાકારણેભેંસોઅનેગાયોનુંદૂધ વધુ ગુણવત્તાવાળું હોય છે. પશુપાલનથી માત્રદૂધજનહિ, પરંતુપશુઓનાવેચાણથી પણ સારી આવક થાય છે. સામાન્ય રીતે એક પશુનુંવિહાન બેથી ત્રણ વર્ષે થાય છે, જે વેચાણમાં રૂ. ૫૦,૦૦૦ જેટલી આવક આપેછે. એટલેકેત્રણવર્ષમાંપશુપાલનથી બમણી આવક પ્રાપ્ત થાય છે. અમરેલી જિલ્લામાંહવેપશુપાલકોમાત્રદૂધઉત્પાદન પૂરતા જ સીમિત નથી રહ્યા; તેઓ બ્રિડિંગ અને શુદ્ધ જાતના પશુઓ ઉછેરવાનો પણ વ્યવસાય કરી રહ્યા છે. ખાસ કરીને જાફરાબાદી ભેંસ અને ગીરગાયની ઉત્તમ જાત તૈયાર કરી તેનાં વેચાણથી વધારાની આવક મેળવી રહ્યા છે. પશુપાલનની આ પ્રગતિશીલ દિશા ગામડાંઓમાં રોજગારનું નવું મોડલ બની રહી છે. અમરેલી જિલ્લાના ગીરકાંઠાના પશુપાલકો હવે નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોતબનીરહ્યાછે.

## પાના ૧ ઉપરનું ચાલું ખેડૂતોનાં દેવા માફ કરો : કોંગ્રેસ

ઓકટોબર/નવેમ્બર –૨૦૨૫દરમ્યાન સતત કમોસમી માવઠા અને અતી ભારે વરસાદના કારણે અમારા વાડી/ખેતરમાં ઉભેલા તથા ખળા/પડામાં પડેલા ખેતી પાક ઉપજોને ભારે મોટુ નુકસાન થયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અમારા તારણ અનુસાર કપાસ અને સોયાબીન સહિતની કૃષી ઉપજને ઉભા છોડવે જ નવીન કોટા ફુટી જવા, મગફળીના પાથરા તણાઈ જવા, દાણા ફુટી જવા, વરસાદના વહેણમા તણાઈ જવાના કારણે પાક સહિત પાલાના પશુચારાનુ સંપૂર્ણ ધોવાણ સહિત અન્ય તમામ કૃષી પાકોને ખર્ચ અને ઉપજ સહિત સરેરાશ દરેક વિઘા દીઠ અંદાજીત ઓછામાં ઓછુ રૂા. ૫૦,૦૦૦ જેટલુ ભારે મોટુ નુકસાન વેઠવાનો વારો આવેલ છે.

હાલ લગભગ દરેક કૃષિ જણસો માટે વિઘા દીઠ ઓછામાં ઓછુ સરેરાશ રૂા. ૧૫,૦૦૦ એટલે કે હેકટર દીઠ કુલ રૂા. ૯૩૭૫૦ જેટલો ખેતી ઉત્પાદનનો માત્ર ખર્ચ જ ગણીએ, તો પણ સરકારી સર્વેક્ષણ અનુસાર ૪૪ લાખ હેકટરમાં થયેલ નુકસાન પેટે અંદાજીત કુલ રૂા. ૪૧,૨૫૦ કરોડ જેટલો ખેડૂતો ઉપર જંગી દેવાનો બોજ વધી ગયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ચાલુ સાલે પાક ઉત્પાદનના પ્રાથમીક અંદાજો અનુસાર વિઘા દીઠ માત્ર રૂા. ૧૦,૦૦૦ એટલે કે હેકટર દીઠ કુલ રૂા. ૬૨,૫૦૦ જેટલી ઓછામાં ઓછી ખેતીની જીવન નિર્વાહન ઉપજ ગણીએ, તો પણ સરકારી સર્વેક્ષણ અનુસાર ૪૪ લાખ હેકટરમાં થયેલ નુકસાન પેટે અંદાજીત કુલ રૂા. ૨૭,૫૦૦ કરોડ જેટલી ખેડૂતોની પરસેવાની કમાણી ડુબી ગયેલ છે.

સમગ્ર ગુજરાતના ૧૬૦૦૦ કરતા વધારે ગામોમાં અંદાજીત ૪૪ લાખ હેકટર કરતા વધુ વાવેતર વિસ્તારમાં કમોસમી માવઠાના કારણે તમામ પાકો સંપૂર્ણ નાશ પામવાથી અંદાજીત કુલ રૂા. ૬૮૭૫૦ કરોડ જેટલુ જંગી નુકસાન ગયુ હોવા છતાંય સરકારે જાહેર કરેલ રાહત પેકેજ નહીવત અને ખેડુતોની જાણે મશ્કરી સમાન લાગે છે.

ઉપરોકત વિગતો અનુસાર કમોસમી વરસાદથી ઉભી થયેલી અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં સમગ્ર જીલ્લામાં સત્વરે તાલુકાના દરેક ગામદીઠ પાક નુકસાનીનુ સામુહિક સર્વે પંચરોજકામ કરાવવા, સત્વરે લીલો દુષ્કાળ જાહેર કરાવો, પાક નુકસાનીનુ સંપુર્ણ વળતર ચુકવાવો, ખેતીનુ સંપૂર્ણ પાક ધીરાણ માફ કરાવો, પશુચારાની આગોતરી વ્યવસ્થા કરાવો, પોષણક્ષમ ટેકાના ભાવે ખરીદી શરૂ કરાવો, ટેકાની ખરીદીમાં પાક ગુણવત્તાના સરકારી ધોરણો હળવા કરાવો, ટેકાની ખરીદીમાં માથાદીઠ મહત્તમ ખરીદીની મર્યાદા નાબુદ કરાવો, રવી સિઝનના વાવેતર માટે તગાવી બિયારણ અપાવો, રવી સિઝનના વાવેતર માટે વ્યાજ મુકત ધિરાણ અપાવો, સાગર ખેડૂતોને રાહત પેકેજ અપાવો, ભાગીયા અને વિઘોટીયા ખેત મજુરોના અધિકારનુ રક્ષણ કરાવો, તમામ કૃષિ ઉપજોની વિદેશી આયાત બંધ કરાવો, કૃષિ ઉપજો ઉપરના તમામ કરવેરા રદ કરાવો, સરકારી પાકવીમા યોજના પુઃન શરૂ કરાવો, નકલી દૂધ ઉત્પાદકોને જેલમાં ધકેલાવો, નકલી ખાતર–બિયારણ અને દવા ઉપર સખત નિયંત્રણ લાવો, રાહત દરે આધુનિક ખેત ઓજારો ઉપલબ્ધ કરાવો, સેટેલાઈટથી જમીન માપણી કાયમી રદ કરાવો, પાણી પત્રકની ફરી સરકારી રાહે નોંધ કરાવો, સ્વામિનાથન સમિતીની ભલામણોનો સત્વરે અમલ કરાવવા અંતમાં માંગ કરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા : નાગરિક બેન્ક ચોકમાં

કરવામાં આવી છે.

બનાવ ની પ્રાથમિક વિગત અનુસાર અહીં પોલીસ સ્ટેશનની માત્ર અમુક અંતરે આવેલ નાગરિક બેન્ક ચોકમાં સાબુની દુકાન ધરાવતા ધર્મેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ છાટબારને ત્યાં ગત મોડી રાતે કોઈ અજાણ્યા શખ્સ દ્વારા બાઈક પર આવી દુકાનના શટરનાં તાળા તોડી અંદર પ્રવેશી રોકડા રૂા. ૧૫૦૦ તેમજ અન્ય માલ સામાન ફેદી ખાખા ખોળા કરી જતો રહ્યો છે. આ અજાણ્યો શખ્સ અહીં નાગરિક બેન્ક ચોકની અન્ય દુકાનના કેમેરામાં કેદ થયો છે. નંબર વગરનું બાઈક અને સ્વેટર, ટોપો પહેરી આવ્યો હતો. થોડી મિનિટો ચોરીનું કામ પતાવી નીકળી ગયો હતો. દુકાનદાર દ્વારા પોલીસને અરજીની સાથે સીસીટીવી કેમેરાની ફૂટેજ પણ આપી છે. હાલ પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાના આધારે અજાણ્યા શખ્સની શોધખોળ હાથ ધરી છે. શિયાળાનું હજુ આગમન થઈ રહ્યું છે ત્યાં તસ્કરો પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી કરી પોલીસને ચેલેન્જ કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આગામી દિવસોમાં પોલીસ ચેકીંગ કરવા સઘન કરવા માંગ ઉઠી છે.

## પાના ૮ ઉપરનું ચાલું પિપાવાવ નજીકથી પસાર થતાં

કોસ્ટ ગાર્ડ અને વી.ટી.એસ.ખંભાતનો તુરંત સંપર્ક કર્યો વી.ટી.એસ.ખંભાત અને કોસ્ટ ગાર્ડની સૂચના મુજબ હજીરા, સુરત જતા જહાજને મેડિકલ ઈમરજન્સી જોતાં અને ક્રૂ મેમ્બરને થયેલી ઈજાને જોતા નજીકના પોર્ટ એવા પીપાવાવ તરફ વાળ્યું.

પીપાવાવ પોર્ટ સ્થિત આ જહાજના એજન્ટ મેસર્સ એટલાન્ટિક ગ્લોબલ શિપિંગ પ્રા. લિ.ના સ્ટાફને તુરંત આ જાણકારી પહોચતા રાજુલા સ્થિત જતીન રાવલ અને જીગ્નેશ ઉપાધ્યાય તુરંત હરકતમાં આવતા, આ ક્રૂ મેમ્બર ને થયેલી ઈજા અને મેડિકલ ઈમરજન્સીની ગંભીરતાને સમજી જે તે સરકારી અધિકારીઓ જેવાકે પીપાવાવ કસ્ટમ સુપ્રિટેન્ડેન્ટ અને મરીન પોલીસ પીપાવાવમાં ઈમિગ્રેશન અધિકારીઓને ફોન દ્વારા સૂચના પહોંચાડી અને ઈજાની ગંભીરતાથી અવગત કર્યા. આ અધિકારીઓએ પણ માનવતાને પ્રથમ સ્થાને રાખી, હાલ જે તે ઈજાગ્રસ્તને મેડિકલ સહાય મળે અને એની સારવાર બને એટલી ઝડપથી શરૂ થાય એ માટે ફોન પર મૌખિક પરવાનગીઓ આપી દીધી.

આ પરમિશન મળતાની સાથે જ એટલાન્ટિકના આ બંને એજન્ટોએ પીપાવાવ પોર્ટ કંટ્રોલ, પીપાવાવ સેફટીના અધિકારીઓ અને પીપાવાવ પોર્ટના મેડિકલ સ્ટેશનનાને ફોનથી તુંરત જાણ કરતા આ અધિકારીઓ એ પણ બાકીના અધિકારીઓની જેમ જ માનવતાને કેન્દ્રમાં રાખીને જે તે ક્રૂ ને તુરંત પીપાવાવ પોર્ટના એન્કર પરથી સહીસલામત પોર્ટ સુધી લાવવા માટે તુરંત ટગબોટની વ્યવસ્થા કરી ટગ જે તે ઈજાગ્રસ્તને લઈને જેટીએ પહોંચે એ પહેલાં પોર્ટની મેડિકલ ટીમ (એમ્બ્યુલન્સ સાથે), સેફટીની ટીમ આ બધું સુચારૂ રૂપે પાર પાડવામાં અને પીપાવાવ પોર્ટ કંટ્રોલ એ મુખ્ય અને અગત્યની ભૂમિકા ભજવી. જેના કારણે ઈજાગ્રસ્ત ક્રૂ ને ઈજા પહોંચ્યાના થોડા જ સમયમાં સારવાર મળી શકી, અને આ સૌની સહિયારી મહેનત અને સમયસરની સૂઝબૂઝ અને સંયોજનને કારણે ઈજાગ્રસ્તને ભાવનગરની બીમ્સ હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવાર હેઠળ છે અને જોખમ બહાર છે.

ઈજાગ્રસ્તને પીપાવાવથી ભાવનગર બીમ્સ હોસ્પિટલ સુધી એટલાન્ટિક શિપિંગના સ્ટાફ મેમ્બર ચેતન બગથલિયા આ એમ્બ્યુલન્સમાં ઈજાગ્રસ્તની સાથે જઈને મહત્વની ભૂમિકા ભજવી આ સાથોસાથ એટલાન્ટિક શિપિંગની ભાવનગર સ્થિત ઓફિસના બ્રાન્ચ મેનેજર કમલ જોશી આ ઈજાગ્રસ્ત ક્રૂ મેમ્બર ભાવનગર હોસ્પિટલ સુધી પહોંચે એ પહેલા હોસ્પિટલ ખાતે તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવેલી જેથી આ ઈજાગ્રસ્તને મેમ્બરને આવતાની સાથે શ્રેષ્ઠ અને સમયસર સારવાર મળી શકી માનવતાના સાદ પર દિવસ રાત સમય અને વખતની પરવા કર્યા વિના માત્ર પોતાની ફરજને પ્રાથમિકતા આપનારા તમામ લોકો આજે અભિનંદન ને પાત્ર છે.

## પાના ૮ ઉપરનું ચાલું તમામ ટ્રેન હાઉસફૂલ

સુધી ન થઈ હોવાથી નાછૂટકે લોકોએ ખાનગી ટ્રાવેલ્સ બસમાં મુસાફરી કરવી પડે છે. અને ખાનગી ટ્રાવેલ્સ બસના ભાડામાં બેફામ રીતે લૂંટ ચાલી રહી છે.

અમરેલી જિલ્લામાંથી ૨૦ લાખ કરતા પણ વધારે લોકો હિરા તથા અન્ય વ્યવસાયના કારણે સુરત અને ઘણા લોકો અમદાવાદ તથા મુંબઈ સ્થાયી થયા છે. સુરતમાં મોટા ભાગના લોકો પોતાના વતનમાં પરિવાર સાથે દિવાળી મનાવવા માટે આવે છે. અને દિવાળી બાદ ધીરે ધીરે સુરત પરત જવાનું શરૂ થાય છે. દર વર્ષે રેલવે દ્વારા અમરેલી જિલ્લામાંથી સુરતને જોડતી વધારાની સ્પેશ્યલ ટ્રેન મહુવાથી શરૂ કરવામાં આવે છે. અને વર્તમાન ટ્રેનમાં પણ વધારાના કોચ જોડવાની જાહેરાત કરવામાં આવે છે પણ આ વખતે આવી કોઈપણ પ્રકારની જાહેરાત કરવામાં આવી ના હોવાથી આજે હજારોની સંખ્યામાં લોકોની ઈચ્છા હોવા છતા પણ વ્યવસાયના સ્થળે જવા માટે ટ્રેનનો લાભ લઈ શક્યા નથી. કોઈપણ રાજકીય નેતાઓ પણ ટ્રેન શરૂ કરાવવા માટે થઈ આગળ આવ્યા ના હોતા.

હાલમાં દિવાળીના તહેવારો તથા વેકેશન પૂરા થતા જ અમરેલી જિલ્લામાંથી અમદાવાદ, સુરત, મુંબઈ પરત જવા માટે લોકોનો મોટો ઘસારો શરૂ થયો છે. તેમ છતાં પણ અમરેલી જિલ્લામાંથી ચાલતી હાલની એક માત્ર મહુવા સુરત અને સપ્તાહમાં બે દિવસ ચાલતી મહુવા મુંબઈ ટ્રેન ચાલે છે. તેમાં પણ ૧૯ તારીખ સુધી તમામ સીટ ફૂલ છે. ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો દ્વારા ભાડામાં બેફામ રીતે લૂંટ ચાલવવામાં આવે છે. ૫૦૦ રૂપિયા વાળી ટિકિટનાં ૩ હજાર સુધી ભાવ લેવામાં આવે છે.

### ઢસા–જેતલસર રેકમાં સુરતની કાયમી કોઈ ટ્રેન નથી

અમરેલી જિલ્લામાંથી વડીયા, લાઠી, ચિતલ, ઢસા સહિતના વિસ્તારમાંથી પસાર થતી ઢસા જેતલસર બ્રોડગેજ લાઈન બને તે માટે કેટલાએ વર્ષોથી લડત ચલાવવામાં આવી હતી. ત્યાર પછી બ્રોડગેજ લાઈન બની ગયાને પણ વર્ષો વીતી ગયા છે. પણ હજુ સુધી આ રેલ્વે ટ્રેકમાં મુંબઈને જોડતી અઠવાડિયે માત્ર એક ટ્રેન શરૂ કરવામાં આવી છે. જયારે વેરાવળથી ઉપડતી અનેક લાંબા રૂટની ચાલી રહી છે. છતાં પણ આવી એક પણ ટ્રેન આ વડીયા, લાઠી, ચિતલ, ઢસા સહિતના રૂટ ઉપર ચલાવવામાં આવતી નથી. છતાં પણ સ્થાનિક નેતાઓ દ્વારા પણ વધારાની ટ્રેન કોઈ રજૂઆત કરતા નથી.

## પાના ૧ ઉપરનું ચાલું ચેતન માલાણીએ પક્ષમાંથી રાજીનામુ ધરી દીધુ

જણાવ્યું કે, સરકારએ ખેડૂત સાથે રમત કરી છે. આ પેકેજ ખેડૂતને મદદરૂપ બનવાને બદલે, એને વધુ રડવા માટે મજબૂર કરે છે. પાક બરબાદ થયો છે, પરંતુ સહાય એટલી ઓછી છે કે એ ફક્ત બિયારણનો ખર્ચ પણ પુરો ન કરે.

વધુમાં કહ્યું કે, ખેડૂત માટે આ પેકેજ કોઈ રાહત નથી. ખેડૂતનું આખુંવાવેતર ખેડ, ખાતર, પાણી, દવા, બિયારણ, મજૂરી અને મહેનત – બધું પાણીમાં ગયું છે. પરંતુ સરકારના આંકડાઓમાં એનું પ્રતિબિંબ દેખાતું નથી. આ તો ખેડૂતોની મહેનત પર મશ્કરી છે.

આ નિવેદન અને રાજીનામા સાથે સૌરાષ્ટ્રમાં ભાજપ માટે નવી રાજકીય ચિંતા ઉભી થઈ છે. કારણ કે સૌરાષ્ટ્ર હંમેશા ભાજપનું મજબૂત ગઢ માનવામાં આવ્યું છે, અને અહીંના ખેડૂતવર્ગ સાથે પક્ષનો લાંબો સંબંધ રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ખેડૂતોમાં અસંતોષ વધતો ગયો છે. પાકનું નુકસાન, યોગ્ય ભાવ ન મળવો અને સરકારી વળતર અપૂરતું હોવાને કારણે આ રોષ હવે પક્ષની અંદર પણ દેખાઈ રહ્યો છે.

રાજકીય નિરીક્ષકોનું કહેવું છે કે ભાજપીની રાજીનામું પ્રથમ ચેતવણી છે. જો સરકાર સમયસર ખેડૂતોના હિતમાં નીતિમાં ફેરફાર નહીં કરે, તો સૌરાષ્ટ્રમાંથી વધુ રાજીનામા અને વિખવાદની લહેર ઊઠી શકે છે.

આ પેકેજ ભાજપ માટે રાજકીય રીતે પણ વિપરીત સાબિત થઈ શકે છે. ખેડૂતોના પ્રશ્નો હવે માત્ર ગામડાં સુધી મર્યાદિત નથી, પરંતુ પક્ષના કાર્યકર્તાઓ સુધી પહોંચ્યા છે. ભાજપનાં કાર્યક્રરએ જ બતાવે છે કે ખેડૂતોની વેદના હવે પક્ષની આંતરિક ગેલેરીઓમાં ગુંજવા લાગી છે. અને આ લહેર સૌરાષ્ટ્રમાં રાજકારણનું ચિત્ર બદલી શકે છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં નાના ભંડારીયા ગામે

હોસ્પિટલનાં બિછાને નોંધાયેલી પોલીસ ફરિયાદમાં ગામમાં રહેતા મેહુલ કાળુભાઈ દેવાણી તેના પિતા કાળુભાઈ હરીભાઈ દેવાણી મેહુલના માતા જયાબેન અને પત્ની શાંતાબેનના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે નવેક વાગ્યે મેહુલ દેવાણીનો મને ફોન આવ્યો હતો તારા પટેલ એગ્રોના રૂા. ૧૨ હજાર બાકી છે એ તું મારા ઘરે આવીને લઈ જાજે આથી મેહુલીભાઈ હિરપરા અને તેના ભાઈ રોહિતભાઈ બન્ને મેહુલના ઘરે ગયા હતા જયાં મેહુલે તારા પૈસા આજે પણ નથી આપવા ને કાલે પણ નથી આપવા કહી લોખંડના પાઈપ વડે બંને ભાઈઓ ઉપર હુમલો કરતા પાઈના ઘા માથાના ભાગે લાગતા ઈજા થઈ હતી. દરમિયાન મેહુલના માતા અને પત્નીએ આવી બંને ભાઈઓને પડકી રાખતા મેહુલના પિતા કાળુભાઈએ આવી ઢીકાપાટુનો માર માર્યો હતો. મેહુલ કહેવા લાગ્યો હતો કે, હવે તારા પૈસા ભૂલી જજે અને અગાઉ તે ઉછીના આપ્યા છે એ પણ ભૂલી જજે અને ઘર પાસે કેશેરીમાં દેખાતો નહીં તો બંને ભાઈઓને જાનથી મારી નાખીશુ, ધમકી આપી હતી. માથાકૂટ વખતે ગામના સરપંચ આવી જતા સામેના વ્યકિતઓને સમજાવ્યા હતા. અને ૧૦૮ને ફોન કરતા ઈજાગ્રસ્ત બંને ભાઈઓને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં મેહુલભાઈને માથાના ભાગે પાંચ ટાકા અને તેના ભાઈ રોહિતને ચાર ટાંકા આવ્યા હતા.

બનાવમાં સામાપક્ષે મેહુલ કાળુભાઈ દેવાણી (ઉ.વ. ૨૦)એ વળતી ફરિયાદમાં મેહુલ રવજીભાઈ હિરપરા અને તેના ભાઈ રોહિતએ પાઈપ અને છરી સાથે ઘરે આવી પોતા ઉપર અને તેના પિતા કાળુભાઈ ઉપર હુમલો કર્યો હતો. છોડાવવા પત્ની વચ્ચે પડતા તેને પણ પાઈપનો ઘા મારી દઈ આજે તો બચી ગયો છો આખા ઘરને જાનથી મારી નાખીશું તેમ ધમકી આપી જતા રહ્યા હતા. યુવક તેના પિતા અને માતાને ઈજા થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ માથાકુટનું કારણ એવું છે કે, એક વર્ષ પહેલા પટેલના દ્વારકાધીશ એગ્રોમાંથી મેહુલ દેવાણીએ બિયારણ લીધું હોય તેના રૂ. ૧૨ હજાર બાકી હતા જેના પૈસાની ઉઘરાણી અવારનવાર કરવામાં આવતી હતી. આ બાબતે મનદુઃખ રાખી સામસામે હુમલો કરવામાં આવ્યો હતો. બંને પક્ષની ફરિયાદના આધારે અમરેલી તાલુકા પોલીસે બે મહિલા સહિત છ વ્યકિત સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૩૦ | ૧૦૭૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૭૯૦ | ૧૧૯૦ |
| ૩ | શિંગ મોટી | ૬૪૦ | ૧૨૨૫ |
| ૪ | શિંગદાણા | ૮૪૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૮૪૫ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૫૫૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૮૫૦ | ૨૫૧૧ |
| ૮ | બાજરો | ૫૩૫ | ૫૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૮૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૬ |
| ૧૧ | મકાઈ | ૪૧૮ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૧૦૬૦ | ૧૫૧૫ |
| ૧૩ | અડદ | ૧૦૦૫ | ૧૨૮૫ |
| ૧૪ | ચણા | ૮૨૦ | ૧૧૨૫ |
| ૧૫ | સફેદ ચણા | ૯૭૨ | ૧૧૨૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૭૫૨ | ૧૭૫૨ |
| ૧૭ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૫ |
| ૧૮ | કપાસ | ૮૭૦ | ૧૫૬૨ |
| ૧૯ | એરંડા | ૧૧૫૦ | ૧૨૭૪ |
| ૨૦ | જીરૂ | ૨૮૦૦ | ૩૭૮૫ |
| ૨૧ | ધાણા | ૧૦૯૦ | ૧૪૩૦ |
| ૨૨ | અજમા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨૩ | મેથી | ૭૦૦ | ૮૯૦ |
| ૨૪ | સોયાબીન | ૭૫૧ | ૮૭૫ |
| ૨૫ | રજકાનું બી | ૧૭૦૦ | ૬૦૦૦ |
| ૨૬ | કાંગ | ૪૯૮ | ૪૯૮ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૬ |
| ૨ | સોયાબીન | ૬૬૦ | ૬૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૪૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૮૮૦ | ૧૧૭૬ |
| ૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૨૫ |
| ૪ | તલ કાળા | ૩૭૩૭ | ૩૮૪૦ |
| ૫ | જીરૂ | ૩૫૭૫ | – |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૧૫ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૦૧ |
| ૧૦ | જુવાર | ૮૭૫ | – |
| ૧૧ | અડદ | ૮૩૫ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૧૯૬ |
| ૧૩ | તુવેર | ૧૦૩૬ | – |
| ૧૪ | મેથી | ૮૧૧ | – |
| ૧૫ | સોયાબીન | ૮૩૫ | ૮૭૦ |
| ૧૬ | વાલ | ૮૮૦ | – |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૯ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૫૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૦૧ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૩૦ |
| ૫ | ચણા સફેદ | ૧૦૮૦ | ૧૦૯૦ |
| ૬ | અડદ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૭ | ધાણા | ૧૪૨૦ | ૧૪૫૦ |
| ૮ | લસણ | ૫૦૦ | ૫૮૫ |
| ૯ | જીરૂ | ૨૦૦૦ | ૩૩૦૦ |
| ૧૦ | સોયાબીન | ૬૬૦ | ૮૬૧ |
| ૧૧ | તલ | ૨૦૩૫ | ૨૨૫૫ |
| ૧૨ | શીંગદાણા | ૯૯૦ | ૧૦૦૦ |
| ૧૩ | મગફળી | ૭૪૫ | ૯૧૭ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૪૧ | ૧૫૨૦ |
| ૨ | કપાસ કોડી | ૮૦૧ | ૧૨૧૧ |
| ૩ | મગફળી | ૬૦૩ | ૧૦૮૦ |
| ૪ | જુવાર સફેદ | ૧૯૫૦ | ૧૯૦ |
| ૫ | સોયાબીન | ૭૬૧ | ૭૬૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૪૫ | ૧૫૨૦ |
| ૨ | કપાસ કોડી | ૮૨૭ | ૧૧૩૧ |
| ૩ | મગફળી | ૬૦૧ | ૯૮૧ |
| ૪ | ઘઉં | ૪૫૦ | ૫૨૬ |
| ૫ | ચણા | ૯૫૦ | ૧૦૬૧ |
| ૬ | અડદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૭ | એરંડા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | સોયાબીન | ૮૨૫ | ૮૩૬ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૩૬ | ૧૦૩૬ |
| ૧૧ | મેથી | ૭૦૦ | ૭૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી | ૯૬૫ | ૧૧૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૩૯ | ૨૬૬૧ |
| ૫ | તલ કાળા | ૩૧૨૯ | ૫૩૫૧ |
| ૬ | જીરૂ | ૨૯૨૯ | ૪૧૫૧ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૮ | ચણા | ૯૭૫ | ૧૧૧૫ |
| ૯ | મગ | ૧૨૪૫ | ૧૫૦૫ |
| ૧૦ | અડદ | ૯૩૦ | ૧૨૨૦ |
| ૧૧ | સોયાબીન | ૭૬૭ | ૮૪૩ |

